### ડ્રાઈવર અને કર્મચારીનો આબાદ બચાવ



## ખોડિયારનગર પાસે The Burning Bus

વડોદરા : વડોદરા શહેરમાં વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. સરદાર એસ્ટેટથી ખોડિયારનગર તરફ જતા રસ્તા પર પાણીની ટાંકી પાસે એક ખાનગી સીએનજી લક્ઝરી બસમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી વિકરાળ હતી કે થોડી જ મિનિટોમાં આખી બસ બળીને ખાખ થઈ ગઈ હતી.

રણોલી વિસ્તારની એક કંપનીના કર્મચારીઓને શાહ ટ્રાવેલ્સની બસ લેવા જઈ રહી હતી. ડ્રાઈવરે 2 કર્મચારીઓને પિકઅપ કર્યા બાદ બસમાં શોર્ટસર્કિટ થયું હતું. આગ લાગતાની સાથે જ ડ્રાઈવર અને બંને કર્મચારીઓએ સૂઝબૂઝ વાપરીને તરત જ બસમાંથી કૂદકો માર્યો અને જીવ બચાવીને ભાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પાણીગેટ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પરંતુ ફાયરની ટીમ પહોંચે તે પહેલાં જ આગે બસને સંપૂર્ણપણે પોતાના કબ્જામાં લઈ લીધી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી. આ બનાવના પગલે આસપાસના લોકો અને પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટસર્કિટ હોવાનું સામે આવ્યું છે.

### પીડિતાને રૂ. ૫ લાખ વળતર ચૂકવવા માટે કોર્ટનો હુકમ

## સગીરાનું અપહરણ કરી વારંવાર દુષ્કર્મ ગુજારનારને આજીવન કેદ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

વડોદરાની પોક્સો વિશેષ અદાલતે 14 વર્ષની સગીરાનું અપહરણ કરી લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરનાર આરોપી રાકેશભાઈ સંજયભાઈ ઠાકરડા (ઠાકોર)ને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. અદાલતે આજીવન કેદનો અર્થ આરોપીના કુદરતી જીવનના બાકીના સમય સુધી જેલમાં રહેવાનો રહેશે તેમ સ્પષ્ટ કર્યું છે. સાથે જ પીડિતાને ગુજરાત વિક્ટિમ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂ. 5 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે. કોર્ટમાં રજૂ થયેલા કેસ મુજબ, 23 જૂન 2009ના રોજ જન્મેલી અને ઘટનાના સમયે 14 વર્ષ 10 મહિના 22 દિવસની સગીરા 15 મે 2024ના રોજ પોતાના વાલીના કાયદેસરના કબજામાંથી આરોપી દ્વારા લગ્નની લાલચ આપી ભગાડી લઈ જવામાં આવી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપી કેટરિંગના કામ માટે યુવતીઓ અને મહિલાઓને લઈ જતો હોવાથી સગીરાના સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે ઓળખાણ વધતા આરોપીએ સગીરાને ફોસલાવી પોતાની સાથે લઈ જઈ વિવિધ સ્થળોએ રાખી અનેક વખત શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

પીડિતાના નિવેદન, સાક્ષીઓના પુરાવા, મેડિકલ તેમજ વૈજ્ઞાનિક પુરાવાના આધારે આરોપી સામેના તમામ આરોપો પુરવાર કર્યા હતા. સાક્ષીના નિવેદનો અને સરકારી વકીલની દલીલોને ધ્યાનમાં રાખીને

ચુકાદામાં કોર્ટે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ 363 અને 366 હેઠળ 10 વર્ષની સખત કેદ અને રૂ. 1 હજારનો દંડ ફટકાર્યો છે. ઉપરાંત કલમ 376(2)(N) અને પોક્સો અધિનિયમની કલમ 5(એલ) સાથે 6 હેઠળ 20 વર્ષની સખત કેદ તથા રૂ. 5 હજારનો દંડ ફટકાર્યો છે.

### નંદેસરી પાસે રેલવે ફાટક લોક થતાં વાહનચાલકો અટવાયા




વડોદરા નજીક આવેલ નંદેસરી પાસે રેલવે ફાટક લોક થઈ ગયું હતું નંદેસરી રેલવે ફાટક પાસેથી ટ્રેન પાસ થવાના હોવાથી ફાટક બંધ કરાઈ હતી પણ ટ્રેન પાસ થઈ ગયા પછી ફાટક લોક થઈ ગયું હતું જેના કારણે વાહન ચાલકો અને ત્યાંથી પસાર થતાં નાગરિકો અટવાઈ ગયા હતા થોડી સમય બાદ ફાટક ખુલતા વાહન ચાલકોએ હાશકારો લીધો હતો

### એમજીવીસીએલની ત્વરિત કાર્યવાહી

## શહેરના કડક બજાર પાસે વીજ થાંભલા નમી પડતાં દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

વડોદરા શહેરમાં ફૂંકાયેલા તેજ પવનોને કારણે શહેરના જુદાજુદા વિસ્તારમાં વીજ થાંભલા પડવા, શોર્ટ સર્કિટ થવા તેમજ વીજ વાયરો સહિત વીજ ફોલ્ટની ઘટનાઓ બની હતી. જ્યારે કડક બજાર પાસે પણ વીજ થાંભલા નમી પડ્યા હતા. જેના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે જીઈબીની ટીમે ત્વરિત કાર્યવાહી હાથધરી હતી. વૃક્ષ નમતાજ તેની સાથે વીજ થાંભલાઓ પણ નમી પડ્યા હતા. જેના કારણે આસપાસના વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાનો ભય સર્જાયો હતો. સલામતીના ભાગરૂપે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય અકસ્માત ન સર્જાય તે માટે આ પગલું લેવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ મધ્યગુજરાત



વીજ કંપની ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમારકામની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નમી પડેલા થાંભલાઓને હટાવીને નવા થાંભલા લગાવવાની અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી ચાલી રહી છે. આ અંગે એમજીવીસીએલ ના નાયબ ઈજનેર એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે, ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી અને જલ્દીથી વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો હતો.

### ઉમા વિદ્યાલયમાં સ્વીપ અભિયાન હેઠળ વિદ્યાર્થી ચૂંટણી યોજાઈ

વડોદરા : માંજલપુર વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત સ્વીપ (મતદાતા જાગૃતિ) અભિયાન હેઠળ તરસાલી સ્થિત ઉમા વિદ્યાલય, સોમનાથ નગર ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સ્વીપ નોડલ અધિકારી અને શિક્ષણ નિરીક્ષક ભરત એમ. સલાટે વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ, જાગૃત મતદાર તરીકેની ફરજ અને યોગ્ય ઉમેદવારની પસંદગી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાલયમાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની ચૂંટણી યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ મતદાર યાદીની તૈયારી, ગુપ્ત મતદાન, મતપેટીનો ઉપયોગ અને મતગણતરી સહિતની સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોકશાહી વ્યવસ્થાનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં મતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવાની સાથે નેતૃત્વ, જવાબદારી, શિસ્ત અને જાગૃત નાગરિક તરીકેના ગુણોના વિકાસને પ્રોત્સાહન મળ્યું હતું.

### કોઇ વન્યજીવ જોવા મળે તો તરત વનખાતાનો સંપર્ક કરવા અનુરોધ

## નિઝામપુરા-કારેલીબાગમાંથી પાટલા ઘો અને ડોક્ટર્સ કવોટર્સમાંથી કોબ્રાનું રેસ્ક્યુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

વડોદરા શહેરમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે, છેલ્લા કેટલાક દિવસોથી શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી વન્યજીવો રેસ્ક્યુ કરવામાં આવી રહ્યા છે, તેવામાં ગુરુવારે શહેરના નિઝામપુરા અને કારેલીબાગ વિસ્તારમાંથી બે મોનિટર લિઝાર્ડ અને ડોક્ટર્સ કવોટર્સમાંથી અત્યંત ઝેરી કોબ્રા સાપનું ખાનગી સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા રેસ્ક્યુ કરી સહી સલામત રીતે વન વિભાગને સોંપવામાં આવ્યા હતા. ગુરુવારે વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ પાસે પાટલા ઘો તે દેખાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ બનાવની જાણ કરવામાં આવતા ખાનગી સંસ્થાના કાર્યકર્તાઓ સ્થળ પર દોડી ગયા હતા અને પાટલા





ઘોનું રેસ્ક્યુ કરી સહી સલામત રીતે તેને વન વિભાગને સોંપવામાં આવી હતી. બીજા બનાવમાં કારેલીબાગ વિસ્તારમાં આવેલ વાયરોક હોસ્પિટલની પાછળ આવેલી સોસાયટીના એક મકાનમાં આવી ગયેલા અંદાજિત ત્રણથી સાડા ત્રણ ફૂટના મોનિટર લિઝાર્ડનું પણ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જ્યારે ત્રીજા બનાવવામાં એસએસજી હોસ્પિટલની સામે આવેલ ડોક્ટર્સ કોટર્સના એક રૂમમાં સાપની પ્રજાતિમાં અત્યંત ઝેરી મનાતા કોબ્રા સાપનું રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો. હાલ વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે, લોકોને પણ આવા કોઈ વન્ય જીવો નજરે પડે તો તેને કોઈ હાની નહીં પહોંચાડવા અને તાત્કાલિક વન વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

### તરાપા પર ઊભા રહી મહિલાઓ દ્વારા જોખમી કામગીરી

## સરસિયા તળાવમાં જીવના જોખમે સફાઈ: તંત્રની બેદરકારી!

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

તાજીયા વિસર્જન બાદ સરસિયા તળાવમાં કાટમાળનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ખાસ કરીને નરસિંહ ટેકરી પાસેના તળાવ કિનારે સ્થિતિ વધુ ગંભીર છે. તંત્ર દ્વારા સફાઈ કામગીરી શરૂ કરાઈ હોવા છતાં બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. સ્થળ પર કોર્પોરેશનનો કોઈ કોન્ટ્રાકટર કે અધિકારી હાજર નથી. માત્ર બે મહિલા શ્રમિકો જ તળાવમાં ઉતરીને તરાપા પર ઉભા રહીને સફાઈ કરી રહી છે. તેમની પાસે કોઈપણ પ્રકારના સલામતીના સાધનો નથી. જીવના જોખમે થઈ રહેલી આ કામગીરીના વીડિયો અને ફોટા સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યા છે. સ્થાનિક રહીશ અતુલભાઈએ આ અંગે વોર્ડ ઓફિસમાં રજૂઆત કરીને તાત્કાલિક સફાઈ અને વ્યવસ્થા કરવાની માંગ કરી હતી. પરંતુ કોઈ નક્કર કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં



નારાજગી છે. આગામી દિવસોમાં દશામાતાજીની સ્થાપના બાદ ભક્તો દ્વારા મૂર્તિઓનું વિસર્જન પણ આ જ તળાવમાં કરવામાં આવશે. ત્યારે જો અત્યારથી જ કાટમાળ નહીં હટાવાય અને સલામત સફાઈ ન થાય તો સ્થિતિ વધુ વણસી શકે છે. સલામતી વિના મહિલા શ્રમિકો પાસે કામ કરાવવામાં આવી રહ્યું છે. જો કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોની? સ્થાનિકોએ તંત્રને આ સવાલ પૂછ્યો છે અને તાત્કાલિક યોગ્ય સાધનો સાથે સફાઈ કામગીરી હાથ ધરવાની માંગ કરી છે.

### વડોદરામાં પહેલા જ વરસાદે રોડ બેઠા

## તાંદલજાના આશિયાના નગરમાં ૨૦ ફૂટ ઊંડો ભુવો પડ્યો,વાહનચાલકોમાં ભય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

શહેરમાં ચોમાસાની વિધિવત શરૂઆત થતાંની સાથે જ પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના પોકળ દાવાઓ ધોવાઈ ગયા છે. વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા તાંદલજાના આશિયાના નગર પાસે પ્રથમ વરસાદમાં જ એક મસમોટો ભુવો પડવાની ગંભીર ઘટના સામે આવી છે. કિસ્મત ચોકડીથી વાસણા-ભાયલી ફાયર સ્ટેશન તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક રોડ બેસી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. અંદાજે ૨૦ ફૂટ જેટલો ઊંડો આ ભુવો એટલો જોખમી છે કે ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જી શકે તેમ છે. ધોધમાર વરસાદના પ્રારંભિક તબક્કામાં જ રસ્તાની આવી દુર્દશા થતાં સ્થાનિક તંત્રની નબળી



ગુણવત્તા અને બેદરકારી છતી થઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વરસાદ શરૂ થયાના અડધા કલાકની અંદર જ મુખ્ય રસ્તા પર ગાબડું પડ્યું હતું જે જોતજોતામાં ઊંડા ખાડામાં ફેરવાઈ ગયું હતું. આ ભુવાની અંદર મહાનગરપાલિકાની મુખ્ય ડ્રેનેજ લાઈન પસાર થઈ રહી છે, જેમાં પાણીનો પ્રવાહ સતત ચાલુ હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પાણીના સતત વહેણને કારણે આજુબાજુની માટી વધુ ધોવાઈ જવાની અને ભુવાનું કદ હજુ મોટું થવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે. આ માર્ગ કિસ્મત ચોકડી અને વાસણા રોડને જોડતો અત્યંત વ્યસ્ત રસ્તો હોવાથી અવારનવાર સેંકડો વાહનો અહીંથી પસાર થાય છે, જેથી રાત્રિના સમયે અંધારામાં આ ભુવો કોઈ મોટા અકસ્માતને આમંત્રણ આપી શકે છે.

આ અંગે સ્થાનિક રહીશ અને સામાજિક કાર્યકર અશરફ મન્સૂરીએ તંત્ર સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, હજુ તો ચોમાસાની માત્ર શરૂઆત થઈ છે અને પહેલા જ વરસાદમાં રસ્તાઓ બેસી રહ્યા છે, ત્યારે આગામી દિવસોમાં આખો ચોમાસો બાકી છે. જો આ ભુવાને કારણે કોઈ નિર્દોષ નાગરિકની જાનહાનિ થશે તો તેની જવાબદારી કોણ લેશે?

### વડોદરા જિલ્લા પંચાયતનો મોટો નિર્ણય

## ૩૯ તળાવોમાં મત્સ્યોદ્યોગ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

વડોદરા જિલ્લામાં ગ્રામ્ય સ્તરે રોજગારીની તકો વધારવા અને જળસંપત્તિનો યોગ્ય ઉપયોગ કરવાના હેતુથી વડોદરા જિલ્લા પંચાયત દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પંચાયત હસ્તક આવતા કુલ ૫૫૦ તળાવોમાંથી મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ માટે યોગ્ય અને લાયક જણાતા ૩૯ તળાવોને ભાડે આપવા માટેની સત્તાવાર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ નિર્ણયથી જિલ્લા પંચાયતની આવકમાં વધારો થશે અને સાથે જ સ્થાનિક લોકોને રોજગારીની નવી તકો સાંપડશે.

મળતી વિગતો અનુસાર, વડોદરા જિલ્લા પંચાયતના હસ્તક નાના-મોટા મળીને કુલ ૫૫૦ જેટલા તળાવો આવેલા છે. આ તમામ તળાવોની સ્થિતિ અને તેમાં પાણીની આવક તેમજ સંગ્રહ ક્ષમતાને ધ્યાનમાં રાખીને સંબંધિત વિભાગ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેના અંતે મત્સ્ય ઉછેર પ્રવૃત્તિ માટે સર્વોત્તમ અને અનુકૂળ હોય તેવા ૩૯ તળાવોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ પસંદગી પામેલા તળાવોમાં મત્સ્યોદ્યોગનો વ્યવસાય યોગ્ય રીતે વિકસી શકે તેમ હોવાથી તંત્ર દ્વારા પારદર્શક પદ્ધતિથી ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ ટેન્ડર પ્રક્રિયા અંતર્ગત રસ ધરાવતા સ્થાનિક માછીમારો, સહકારી મંડળીઓ તેમજ ઈજારદારો નિયત શરતોને આધીન રહીને પોતાના ભાવો રજૂ કરી શકશે. સરકારના નિયમોનુસાર આ પ્રક્રિયામાં સ્થાનિક મત્સ્યોદ્યોગ મંડળીઓને અગ્રતા આપવામાં આવી શકે છે, જેથી ગ્રામીણ અર્થતંત્રને સીધો વેગ મળી શકે.

### હાથીખાનાના વેપારી પાસેથી ઉધારમાં માલ લઈને રૂપિયા ચૂકવવાનું બંધ કર્યું

## અનાજના વેપારી પાસેથી માલ ખરીદી રૂ.75.53 લાખ નહીં ચૂકવી છેતરપિંડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા અને હાથીખાના માર્કેટમાં અનાજ-કરિયાણાના હોલસેલ વેપારી સાથે રૂપિયા 75.53 લાખની આર્થિક છેતરપિંડી થઈ છે. વિશ્વાસ કેળવી ઉધારમાં માલ લઈ ગયા બાદ રૂપિયાની ચૂકવણી કરતા ન હતા. ફોન દ્વારા બાકી રૂપિયા તેઓએ વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી સતી. આખરે વેપારીએ ત્રણ ઠગ વિરુદ્ધ કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

માંજલપુર વિસ્તારમાં રહેતા અને હાથીખાનામાં અનાજ કરીયાણાની હોલસેલ દુકાન ધરાવતા નિરવભાઈ મુકુંદભાઈ શાહે નોંધાવેલી ફરિયાદ મુજબ વર્ષ 2024થી આરોપી જય દશરથ પ્રજાપતિ (પ્રોપ્રાઈટર, ન્યુ ખોડીયાર પ્રિન્ટર્સ, ફતેપુરા)ને પિતરાઈ સંબંધ અને કૌટુંબિક ઓળખાણના કારણે ઓળખતા હતા. ડિસેમ્બર 2024થી જય પ્રજાપતિએ તેમની પેઢીમાંથી જથ્થાબંધ અનાજ-કરિયાણું ઉધારમાં ખરીદવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં સમયસર પેમેન્ટ કરીને વિશ્વાસ જીત્યા બાદ તેણે પોતાની જવાબદારી પર અન્ય બે વેપારીઓ નારાયણ ઉદેસિંગ નલગે (શીતલ એન્ટરપ્રાઇઝ, રાવપુરા) અને જીનલ જગદીશ ગાંધી (ધ્વનિ એન્ટરપ્રાઈઝ, ફતેપુરા)ને પણ ઉધારમાં માલ આપવા ભલામણ કરી હતી. શરૂઆતના તબક્કામાં ત્રણેય વેપારીઓ નિયમિત રીતે હિસાબ ચૂકવતા હતા. સુરક્ષા પેટે ધ્વનિ એન્ટરપ્રાઈઝના રૂ.19 73 લાખના ત્રણ ચેક પણ આપવામાં આવ્યા હતા. જોકે ઓગસ્ટ 2025થી ત્રણેય વેપારીઓએ પેમેન્ટ આપવાનું બંધ કરી દીધું હતું. વારંવાર ઉઘરાણી છતાં માત્ર ખોટા વાયદા કરવામાં આવતા હોવાથી સપ્ટેમ્બર 2025થી વેપારીએમાલ આપવાનું બંધ કરી દીધું હતું.હિસાબની ચકાસણી દરમિયાન જય પ્રજાપતિના રૂ.11,.81 લાખ, નારાયણ નલગેના રૂ. 45 08 લાખ અને જીનલ ગાંધીના રૂ. 18.63 લાખ મળી રૂ.75.53 લાખ નહી ચૂકવતા બાકી છે.

વેપારીએ આરોપીઓનો વારંવાર ફોન તથા રૂબરૂ સંપર્ક કરીને બાકી રકમની માંગણી કરી હતી. તે દરમિયાન આરોપી જય દશરથ પ્રજાપતિએ રૂપિયા ચૂકવવાને બદલે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વેપારીની ફરીયાદના આધારે કુંભારવાડા પોલીસ ત્રણે ઠગ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### રૂ.૪૦.૫૪ લાખના મુદ્દામાલ સાથે ૬ આરોપીઓ ઝડપાયા

## કરજણ પોલીસે ફરનેશ ઓઈલ ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

કરજણ તાલુકાના બામણગામ સ્થિત હોરીઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ફરનેશ ઓઈલ ચોરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી છ આરોપીઓને ઝડપી રૂ.40.54 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. કરજણ પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. પટેલ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બામણગામની સીમમાં આવેલા હોરીઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્કના પ્લોટ નં. 31-32 ખાતે શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળી હતી. પોલીસે સ્થળને કોર્ડન કરીને છ શખ્સોને ઝડપી લીધા હતા. પૂછપરછ દરમિયાન ખુલાસો થયો કે સ્કોટ ગ્લાસ ઈન્ડિયા લિમિટેડ, જંબુસર માટે સ્ટાર એન્ટરપ્રાઈઝ ટ્રાન્સપોર્ટ મારફતે મોકલવામાં આવતું ફરનેશ ઓઈલ કંપનીમાં પહોંચાડવાના બદલે ગેંગ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં લાવી ટેન્કરમાંથી આશરે 7,505



કિલો ફરનેશ ઓઈલ, કિંમત રૂ.5.29 લાખ, ગેરકાયદેસર રીતે કાઢી ચોરી કરવામાં આવતું હતું. પોલીસે કાર્યવાહી દરમિયાન લોખંડના પાંચ બેરલ, જનરેટર, ઈલેક્ટ્રિક મોટર, રબ્બરની પાઈપો, ત્રણ સિન્ટેક્સ ટાંકા, એક મોટરસાયકલ, ફરનેશ ઓઈલ ભરેલા બે ટેન્કર, બિલ્ટી સહિત કુલ રૂ.40.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં ઉત્તર પ્રદેશ અને મુંબઈ સાથે સંકળાયેલા છ આરોપીઓની ધરપકડ કરીને કરજણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### છાણીમાં રહેતી બાળકી સાથે દુષ્કર્મ ગુજારનાર આધેડને જેલભેગો કરાયો

વડોદરા : છાણી વિસ્તારમાં રહેતો જગદીશ ગોહિલ ખાનગી કંપનીના વેરહાઉસમાં નોકરી કરે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ તે ગરીબ બાળકોને ચોકલેટ અને નાસ્તો આપીને તેમની સાથે ઓળખાણ વધારતો હતો. ઘટનાના દિવસે બાળકીના માતા-પિતા કામ હતા અને 9 વર્ષની બાળકી પોતાના નાના ભાઈઓ સાથે ઘરમાં એકલી હતી. આ દરમિયાન આરોપી ચોકલેટ આપવાના બહાને ઘરમાં ઘૂસ્યો અને બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. દુકાન ચલાવતી એક મહિલાને શંકા જતાં તેણે પોતાના મોબાઈલમાં ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો. તે દરમિયાન બાળકીના માતા-પિતા ઘરે આવી પહોંચતાં આરોપીને કૃત્ય કરતાં જોઈ ગયા હતા. પોલીસે સ્થળ પર પહોંચી આરોપીની ધરપકડ કરી હતી. ભોગ બનનાર બાળકી અને આરોપી બંનેનું મેડિકલ પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. કોર્ટે આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

### ચાર કલાક સુધી એક જ દુકાને બેસી રહેતા જાગૃત નાગરિકે અભયમની મદદ લીધી

## જૂનાગઢથી નીકળેલી મહિલા ભાડાના રૂપિયા ખૂટી જતા વડોદરામાં અટવાઈ

**અભયમની ટીમે** કાઉન્સેલિંગ બાદ કાકાને બોલાવી મહિલાને સોપી દીધી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9

જુનાગઢ થી રૂ.500 લઈને દીકરીને મળવા પાવી જેતપુર ખાતે સાસરી જવા નીકળેલી મહિલા રસ્તામાં પૈસા ખૂટી જતા વડોદરામાં અટવાઈ ગયા હતા. ચાર કલાકથી એક દુકાન બહાર બેઠેલી મહિલાને જોઈ જાગૃત નાગરિકે અભયમ-181ને જાણ કરી હતી. જેથી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને કાઉન્સેલિંગ કર્યા બાદ મહિલાને પરિવારના સભ્ય સાથે સુરક્ષિત મોકલવામાં આવી હતી.પ્રાપ્ત માહિતી મુજબ સમા વિસ્તારમાં એક જાગૃત નાગરિકે અભયમ-181માં કોલ કરીને જાણ કરી હતી કે એક મહિલા છેલ્લા ચાર કલાકથી દુકાનની બહાર બેઠી છે અને કોઈ સાથે વાતચીત પણ કરતી નથી. માહિતી મળતાની સાથે તાત્કાલિક અભયમની ટીમ સ્થળ પર પહોંચી મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું.કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યું હતું કે તે પાવીજેતપુર વિસ્તારની રહેવાસી છે. પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેના માતા-પિતા હાલમાં જુનાગઢમાં ખેતમજૂરી કરીને રગુજરાન ચલાવે છે. મહિલાના લગ્નને પાંચ વર્ષ થયા છે અને તેને ચાર વર્ષની એક પુત્રી છે. મહિલાના જણાવ્યા મુજબ તેનો પતિ નશાની હાલતમાં અવારનવાર મારપીટ કરતો હતો. ચાર મહિના અગાઉ થયેલી મારઝૂડ કર્યા બાદ તેને ઘરેથી કાઢી મૂકવામાં આવી હતી. ત્યારબાદ તેણી માતા-પિતા સાથે જુનાગઢ ખાતે રહેવા ગઈ હતી. બાદમાં પતિએ સાથે રાખવાની ના પાડતા બંને વચ્ચે છૂટાછેડા થઈ ગયા હતા અને પુત્રી પણ પતિ પાસે જ રહેતા હતી.તાજેતરમાં પુત્રીની યાદ આવવા સાથે વિરહ સહન નહી થતા દીકરીને મળવા ગાડી બનેલી મહિલા જુનાગઢથી માત્ર રૂ. 500 લઈને સાસરી પાવીજેતપુર જવા નીકળી હતી. જોકે વડોદરા સુધી પહોંચ્યા બાદ આગળ જવા માટે તેની પાસે પૈસા બચ્યા ન હતા. માતા-પિતાએ અગાઉ સાસરી જવાની ના પાડી હોવા છતાં મહિલા જીદ કરીને ઘરેથી નીકળી ગઈ હતી.મહિલાને તેના પિતાનો મોબાઈલ નંબર યાદ હોવાથી અભયમની ટીમે તેમના સંપર્ક કર્યો હતો. મહિલાના પિતાએ જણાવ્યું હતું કે તેમનો ભાઈ વડોદરામાં કામ કરે છે અને મહિલાને તેમની સાથે મોકલી આપવામાં આવે. ત્યારબાદ અભયમની ટીમે મહિલાના કાકાનો સંપર્ક કરી સમગ્ર હકીકતથી વાકેફ કર્યા હતા. કાકા સ્થળ પર પહોંચતા મહિલાને તેમની જવાબદારીમાં સોંપવામાં આવી હતી.

### મુશ્કેલીના સમયે હવે માત્ર એક ફોન દૂર ફાયર ટીમ

## વરસાદી આફત સામે વડોદરા ફાયર બ્રિગેડ સતર્ક બન્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૯

શહેરમાં વર્તમાન વરસાદી માહોલ અને તેજ પવનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાનું ફાયર અને ઈમરજન્સી વિભાગ સંપૂર્ણપણે હાઈ એલર્ટ મોડ પર આવી ગયું છે. નાગરિકોની સુરક્ષા અને આપત્તિ સમયે તાત્કાલિક મદદ પહોંચાડવા માટે વડોદરા ફાયર બ્રિગેડ દ્વારા સમગ્ર શહેરમાં ૧૦ ખાસ ટીમોને વ્યૂહાત્મક રીતે તૈનાત કરવામાં આવી છે. વરસાદી વાતાવરણને કારણે સર્જાતી આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા પાલિકાનો મુખ્ય કંટ્રોલ રૂમ ૨૪x૭ કાર્યરત છે. તારીખ ૦૭/૦૭/૨૦૨૬ અને ૦૮/૦૭/૨૦૨૬ દરમિયાન કંટ્રોલ રૂમને કુલ ૨૮ ઈમરજન્સી કોલ્સ મળ્યા હતા, જેનું ત્વરિત નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેમાં વૃક્ષ ધરાશાયી થવાના કુલ ૧૫ કોલ, ૦૭ ફાયર કોલ, ૦૫ રેસ્ક્યુ કોલ અને ૦૧ અન્ય કોલનો સમાવેશ થાય છે. ભારે વરસાદ અને તેજ પવન જેવા પડકારજનક સંજોગોમાં પણ વડોદરા ફાયર બ્રિગેડના અધિકારીઓ અને જવાનોએ પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને વ્યાવસાયિકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ટીમે સમયસર સ્થળ પર પહોંચી જોખમી વૃક્ષોને દૂર કરવા, આગની ઘટનાઓ પર કાબૂ મેળવવા અને જરૂરિયાતમંદ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સતર્કતાને કારણે સંભવિત અકસ્માતો અને જાનમાલનું નુકસાન અટકાવી શકાયું છે. વડોદરા અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે ભારે વરસાદ અને પવન દરમિયાન સાવચેત રહેવું, જોખમી કે જર્જરિત સ્થળોથી દૂર રહેવું. કોઈપણ પ્રકારની ઈમરજન્સી સ્થિતિ સર્જાય તો ગભરાયા વગર ત્વરિત ફાયર કંટ્રોલ રૂમના નંબર ૧૦૧ અથવા ૧૦૨ પર સંપર્ક કરવો.